# ભિલોડા તાલુકાના કરણપુર ગામ પાસે તળાવમાં ગાબડું પડ્યું

ભિલોડા,તા.૨૬

ભિલોડા તાલુકામાં સાર્વત્રીક વરસાદની હેલીના કારણે કરણપુર ગામ પાસે તળાવમાં ગાબડું પડતાં વરસાદી પાણીનો વ્યય થઈ જતાં આજુ- બાજુના ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનોને એલર્ટ કરાયા હતા. થઈ જતાં પાણીને અટકાવવા વહીવટી તંત્ર પુરજોશમાં કામે લાગી ગયું હતું ત્યારે પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો પરંતુ ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર તળાવો લીકેજ હોવાની અફવાએ જોર પકડતાં તાલુકાના ગ્રામજનો ભયભીત બન્યા હતા. વધુ વરસાદ



ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ, નાયબ મામલતદાર નરેન્દ્રભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ કરણપુર ગામ પાસે તળાવમાં ગાબડું પડતાં જીલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, શાંમળભાઈ પટેલ, કાંતીભાઈ હોથા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ, રાજકીય આગેવાનો કરણપુર ગામના તળાવના કિનારે તાબડતોબ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. કરણપુર ગામ પાસેના તળાવમાંથી વ્યય આવે તો નાના-મોટા તળાવો ફાટવાની સંભાવના સેવાઈ રહી હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકામાં સતત ૬ દિવસથી મુશળધાર વરસાદના કારણે ઠેર-ઠેર વર્ષો જુના મકાનો ધારાશાયી થઈ જતાં પ્રજાજનો માટે તો આજે ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવન ગુજારવાનો વારો આવ્યો છે ત્યારે વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા સત્વરે સર્વેની કામગીરી હાથ ધરાય તો સહાય અરજદારોને મળવાપાત્ર થઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.

## ખેડબ્રહ્મામાં વાસણા રોડ પર મકાન ધરાશાયી

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા પંથકમાં છેલ્લા ચાર દિવસથી અવિરત વરસી રહેલા વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા છે. ત્યારે વાસણા રોડ પર રહેતા વસંતભાઈ ધુળાભાઈ પ્રજાપતિનુ મકાન મંગળવાર રાત્રીના સમયે ધોધમાર વરસાદ વરસતા પડી ગયુ હતુ. સદનસીબે વસંતભાઈ તથા તેમનુ પરિવાર બાજુના મકાનમાં સુવા ગયા હોઈ મોટી જાનહાની ટળી ગઈ હતી.

## ખેડબ્રહ્માનો વાસણા રોડ વરસાદમાં ધોવાયો

ખેડબ્રહ્મા શહેરમાં છ માસ અગાઉ માર્ગ મકાન અને પંચાયત વિભાગ દ્વારા હનુમાનજી મંદિરથી જય અંબે સોસાયટી સુધી ૪૮ લાખના ખર્ચે આરસીસી રોડ બનાવવામાં આવ્યો હતો. જે રોડ પ્રથમ વરસાદમાં જ પાણીમાં તણાઈ ગયો હતો. લાખો રૂપીયાના ખર્ચે બનાવેલ રોડ ખેડબ્રહ્માની તલાવડી વિસ્તાર, ગાયત્રી સોસાયટી, જયઅંબે સોસાયટી, સાઈનાથ સોસાયટી, સાઈવિલા, હિરાગંગા, બ્રહ્મા, જલારામ સોસાયટીઓ સહિત વાસણા, નીચીધનાલ, દેલવાડા, નાદરી જેવા ગામોની પ્રજા આ રોડનો ઉપયોગ કરે છે. જેમને રોડ ધોવાઈ જતા ભારે હાલાકી વેઠવાની આવી છે.

# બનાસકાંઠામાં ૪૭૮ ગામમાં હજુ પણ વિજળી પુરવઠો ઠપ

પાલનપુર, તા. ૨૫

અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસરતા વિજ પુરવઠો પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે. ગુજરાત વિજ કંપનીના વરિષ્ઠ અધિકારીઓના કહેવા મુજબ ધાનેરા શહેરના ૮૦થી ૯૦ ટકા વિસ્તારોમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો છે. અનાજ દળવાની ઘંટીઓ, હોસ્પિટલ અને વોટરવર્ક્સમાં વિજ પુરવઠો સ્થાપિત કરવાની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આખા વિસ્તારમાં વિજળી સામાન્ય કરવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું છે કે, ઉત્તર ગુજરાતમાં ૪૧ ટીમો વિજ પુરવઠાને સામાન્ય બનાવવા લાગેલી છે. બનાસકાંઠા, પાટણ અને અન્ય વિસ્તારોમાં પણ જ્યાં વિજળી પુરવઠો ખોરવાયો છે ત્યાં વિજ પુરવઠાને પુનઃ સ્થાપિત કરવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. પાણી ઘટી ગયા બાદ હવે આ પ્રક્રિયાને વધુ તીવ્ર બનાવીને વહેલી તકે જનજીવનને સામાન્ય બનાવવામાં આવશે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુ મૃત્યુના મામલામાં મૃત પશુઓના નિકાલ માટે ઝડપી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે. બીજી બાજુ પુરગ્રસ્ત બનાસકાંઠામાં હાલત ખુબ જ કફોડી બનેલી છે.

બનાસકાંઠા જિલ્લાના ૪૭૮ ગામોમાં હજુ પણ વિજ પુરવઠો ખોરવાયેલો છે. સબ સ્ટેશનોમાં પાણી ભરાઈ જવાના કારણે અથવા તો સલામતીના કારણોસર વિજ પુરવઠો બંધ કરવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાતનું વિજ તંત્ર પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યું છે. વિજળી વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાલમાં બનાસકાંઠા જિલ્લામાં તૈનાત કરવામાં આવ્યા છે. પાણી ઓસરી ગયા બાદ તરત જ વિજ પુરવઠો યથાવત કરવા માટે તંત્ર પહેલાથી જ સજ્જ થયેલું છે.



રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ : વિરોધ પક્ષના નેતા તરીકે હોદ્દો સંભાળતા પહેલા મોહનસિંહ રાઠવાએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## રાજ્યના ૩૮ જળાશયો હાઈએલર્ટ

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતમાં જળાશયોની સ્થિતિ પણ હવે ખુબ જ સાનુકુળ થઈ ગઈ છે. ભારે વરસાદના કારણે અનેક જળાશયોમાં આવક વધી ગઈ છે જ્યારે કેટલાક જળાશયો ઓવરફ્લો થયા છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં વરસાદનું જોર ધીમુ થયું છે. રાજ્યના ૨૦૩ જળાશયો પૈકી ૩૮ જળાશયો હાઈએલર્ટ ઉપર છે જ્યારે ૧૯ જળાશયો એલર્ટ પર છે જ્યારે ૧૫ જળાશયોને ચેતવણી આપવામાં આવી છે. રાજ્યના ૨૦૩ જળાશયોના પાણી સંગ્રહની ક્ષમતા ૧૫૭૭૦.૩૯ મિલિયન ક્યુબીક મીટર પૈકી હાલ ૮૦૨૧.૧૨ મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ થયો છે. એટલે કે ૫૦.૮૬ ટકા જેટલા જળાશાયો ભરાઈ ગયા છે. નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૧૮.૫૩ મીટરની સપાટીએ પહોંચ્યો છે. આ સાથે સરદાર સરોવર ડેમ ૮૯.૪૧ ટકા જેટલો ભરાયો છે. રાજ્યના જે જળાશયો ૯૦ ટકાથી વધુ ભરાયા છે તેમાં ધ્રોલી, મછાનલ, કબુતરી, ઉમરિયા, કાલી-૨, સાનાન્દ્રો, ફતેહગઢ, ગજાનસાર, મીત્તી, વડિયાનો સમાવેશ થાય છે. ધરોઈ સહિત કુલ ૧૯ જળાશયોને એલર્ટ કરાયા છે.

# ગુજરાતના ૫ નેશનલ હાઈવે અને ૧૫૩ સ્ટેટ હાઈવે બંધ

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના અનેક ભાગોમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી બનેલી છે. રાજ્યમાં હજુ પણ ભારે વરસાદ અને પુરની સ્થિતિ બાદ પાંચ નેશનલ અને ૧૫૩ સ્ટેટ હાઈવે બંધ સ્થિતિમાં છે. આ ઉપરાંત પંચાયત હસ્તકના ૬૯૪ રસ્તાઓને બંધ રાખવામાં આવ્યા છે. વરસાદી પાણી ઉતરી ગયા બાદ રસ્તાઓને પુનઃ વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હાલમાં રસ્તાઓ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ખરાબ થયા છે.

હાલમાં પુરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવેને સૌથી વધારે નુકસાન થયું છે. ઘણી જગ્યાએ માર્ગ પર પુરના પાણી ફરી વળતા જળબંબાકારની સ્થિતિ સર્જાયેલી છે. નવેસરની માહિતી મુજબ ગુજરાતના ૫ નેશનલ હાઈવે, ૧૫૩ સ્ટેટ હાઈવે, અન્ય માર્ગો તથા ૬૯૪ પંચાયત હસ્તકના રસ્તા બંધ રાખવામાં આવ્યા છે.

વરસાદના પાણી ઓસરી ગયા બાદ વાહન વ્યવહાર પુર્વવત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવશે. જે જિલ્લાઓમાં વરસાદનું જોર ઘટી ગયું છે ત્યાં ક્ષતિગ્રસ્ત માર્ગોને સુધારવાની કામગીરી થઈ ચુકી છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે વાહન વ્યવહાર પર માઠી અસર થઈ છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના પુરવઠાને પણ અસર થઈ છે. કારણ કે, નેશનલ અને રાજ્ય હાઈવેને બંધ રાખવાની ફરજ પડી રહી છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના પુરવઠાને અસર થતાં આગામી દિવસોમાં પણ તેની અસર દેખાશે. અહીં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે અને રસ્તાઓ સંપૂર્ણપણે ધોવાઈ ગયા છે.

હાલમાં ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં આભ ફાટયા બાદ સૌરાષ્ટ્ર અને કચ્છના માળીયા મીયાણાં સહિતના પંથકોમાં પૂરની પરિસ્થિતિ બાદ રોડ, રસ્તા અને રેલ્વે ટ્રેકોનું રીતસરનું ધોવાણ થઈ ગયું છે. જેના કારણે આજે સતત બીજા દિવસે પણ એસટી બસ સેવા અને રેલ સેવા બહુ ખરાબ રીતે પ્રભાવિત થઈ હતી.

## પાણીજન્ય રોગોથી બચવા માટે સાવચેતી રાખવી

મહેસાણા જિલ્લામાં વરસાદની પરિસ્થિતિને પગલે રોગચાળો થવાની સંભાવનાને કારણે પાણીજન્ય અને વાહકજન્ય રોગોથી બચવા માટે સાવચેતી રાખવા જણાવાયુંછે. પીવાનું પાણી ૨૦ મિનિટ ઉકાળી ઠંડુ પડ્યા બાદ પીવું, ૨૦ લિટર પાણીમાં એક ક્લોરીનની ગોળી વાટીને દ્રાવણ બનાવી નાખી પછી તેનો ઉપયોગ કરવો,ખોરાક સ્વચ્છ,તાજો અને ઢાંકેલો ખાવો તેમજ દૂધ ઉકાળીને પીવા જણાવાયું છે. આ ઉપરાંત ઝાડા,ઉલટીના દર્દીને ઓ.આર.એસનું દ્રાવણ બનાવીને પીવડાવવુ અને નજીકના સરકારી દવાખાનોનો સંપર્ક કરવો. તાવ બાબતે ફીવર હેલ્પ લાઈન ૧૦૪ અથવા ૦૨૭૬૨-૨૨૨૩૨૪નો સંપર્ક કરવો. ઘરની આજુબાજુ ગંદકી કરવી નહી અને શરીર પુરુ ઢંકાય તેવા કપડાં પહેરવાનું સુચન કરાયું છે.

## સમીકરણ બદલાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, તેજસ્વી સામે બેનામી સંપત્તિના આક્ષેપોને તેઓ કઈ રીતે ટેકો આપી શકે છે. તેમની સામે કાવતરા ઘડવાના આક્ષેપો થઈ રહ્યા હતા. તેજસ્વી અને લાલૂ કોઈ ખુલાસા કરી રહ્યા ન હતા. નીતિશકુમાર હાલમાં જ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને મળ્યા હતા અને આરજેડી નેતાગીરીને સમજાવવાની વાત કરી હતી. તેજસ્વીના રાજીનામાની વાત પણ કરવામાં આવી હતી. સરકાર સારી રીતે ચાલે તે માટે અને ગઠબંધનના હિતમાં દરમિયાનગીરી કરવા માટે રાહુલને કહેવામાં આવ્યું હતું. બિહારના રાજ્યપાલે નીતિશ કુમારના રાજીનામાને સ્વીકારી લીધું છે અને રખેવાળ મુખ્યમંત્રી તરીકે જારી રહેવા માટે કહ્યું છે. નીતિશકુમારે આજે ખુબ જ સાવધાનીથી મહાગઠબંધનના પતનનો મામલો લાલૂ અને કોંગ્રેસ ઉપર છોડી દીધો હતો.

## વિજય દિવસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુ કાશ્મીરના કારગિલ જિલ્લામાં જુલાઈ ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ થયું હતું જેમાં ૫૦૦થી અધિકારીઓ અને જવાનોના મોત થયા હતા. સાહસી જવાનોને મરણોપરાંત વીરતા પુરસ્કાર પણ અપાયા હતા. ઓપરેશન વિજય તરીકે પણ આને યાદ કરવામાં આવે છે. અમર જવાન જ્યોતિ ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય જવાનોએ અભૂતપૂર્વ સાહસનો પરિચય આપીને જોરદાર જંગ ખેલ્યા બાદ આખરે જીત હાંસલ કરી હતી. આને કારગિલ વિજય દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે.

## સ્થિતિ વિકટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજારથી વધારે લોકો ફસાયેલા છે. અહીં વરસાદે છેલ્લા કેટલાક સમયનો રેકોર્ડ તોડી દીધો છે. કેટલીક જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. માઉન્ટ આબુમાં છેલ્લા બે દિવસમાં ૧૫૦૦ મીમી વરસાદ થયો છે. બીજી બાજુ સિરોહીમાં પણ સતત ત્રણ દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. જિલ્લાના તમામ બંધમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર રહી છે. ભારે વરસાદ જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં માઉન્ટ આબુમાં વધુ ૩૨૫ મીમી વરસાદ થયો છે. આ વિસ્તારામાં ૨૩મી અને ૨૪મી જુલાઈના દિવસે ૭૦૦ મીમી વરસાદ થઈ ચુક્યો છે. પાલી, ઉદયપુર, ચિત્તોડગઢ અને જેસલમેરમાં પણ વરસાદ થયો છે. જોધપુરમાં હળવો વરસાદ થયો છે. છેલ્લા કેટલાક દિવસથી જારી ભારે વરસાદના લીધે આ ત્રણેય જિલ્લાઓમાં જનજીવન ખોરવાઈ પડ્યું છે. સૌથી ખરાબ હાલત જાલોર જિલ્લામાં છે. જિલ્લાના અનેક ગામ પાણીમાં ડુબેલા છે. પાલી જિલ્લામાં પણ આજે બુધવારના દિવસે સ્થિતીમાં વધારે કોઈ સુધારો થયો ન હતો. જિલ્લાના મોટાભાગના ગામો પાણીમાં ગરકાવ થયેલા છે. ગામોના મોટાભાગના લોકોને હેલિકોપ્ટર મારફતે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. સિરોહી જિલ્લામાં પુરની સ્થિતિ સર્જાયેલી છે. બાંસવાડા, ડુંગરપુર, જેસલમેર, ઉદયપુર, રાજસમંદમાં આજે બીજા દિવસે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો.

## અહેમદ પટેલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૨૮મી જુલાઈ છે અને જરૂર જણાયે ૮મી ઓગષ્ટે મતદાન યોજવામાં આવશે.

રાજ્યસભાની ચૂંટણીમાં ૧ અને ૨ના ગણિતને સમજવા માટે પણ રાજકીય કાર્યકરોમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે. ઉમેદવારને વિજયી થવા ૪૬ મત જરૂરી છે. અમમદ પટેલની ડમીમાં કોંગ્રેસે કોઈ ઉમેદવારીપત્ર ભર્યુ નથી જે ઉલ્લેખનીય છે.

## અવિરત વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોના આંતરિક માર્ગો પર સતત વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહયો છે .જયારે રોજબરોજ વરસતા વરસાદના લીધે નગરમાં નજર નાંખો ત્યાં પાણી ભરાયેલુ જોવા મળી રહયુ છે. શહેરના મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પરથી વરસાદી પાણીનો નિકાલ થતો નથી. જેના લીધે સ્થાનિક રહીશોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટરોની સ્ટ્રીટ લાઈટો પણ લાંબા સમયથી ડુલ છે. રાત્રિના સમયે વરસાદી માહોલ વચ્ચે અંધારપટ્ટ છવાઈ જતા સેકટરવાસીઓમાં ભયની લાગણી વ્યાપી છે. જયારે અંધારા વચ્ચે માટી પોલાણમાં વાહનો ઘુસી જવાના પણ બનાવો બનવા પામે છે. શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં શેહરમાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે આજે સવારે પણ ભારે વરસાદના ઝાપટના લીધે ચોમેર પાણી ભરાઈ ગયા હતા. સે-૩ અને ૪ સહીતના નવા સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો રહીશો માટે મુંઝવણનુ કારણ બન્યો છે. શહેરમાં સિઝનનો વરસાદ ૨૬ ઈંચ વરસાદ વરસ્યો છે. કાદવ કિચ્ચડ અને ભીંજારાની સ્થિતિ વચ્ચે નગરજનો બેચેની અનુભવી રહયા છે.

## બેફામ નિવેદન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય એ રીતે બોલવાનો તેમને કોઈ અધિકાર નથી. તેઓ તથા અન્ય આગેવાનો તેમની મર્યાદામાં રહે, કોઈના માટે પણ ગ્રીવન્સીસ ન હોવા જોઈએ. પાર્ટીના બંધન બધાને સાથે રાખવા માટે હોય છે. મેં જાહેરમાં મેડમ સોનિયાજી અને રાહુલજી માટે ઉચ્ચકોટીના જે શબ્દો વાપર્યા છે, તે કોંગ્રેસના કોઈપણ વ્યક્તિએ જાહેરમાં ક્યારેય નહી કહ્યા હોય.

તેઓ સીબીઆઈ અને ઈડીની રેઈડની વાત કરે છે, તો તેમણે પૂરી માહિતી સાથે વાત કરવી જોઈએ. સીબીઆઈની સર્ચમાં મારા ત્યાંથી ચાંદી-સોનાના સિક્કા, જમીનની લે વેચના દસ્તાવેજો વગેરે નહીં પરંતુ રોકડ રકમમાં પણ માત્ર રૂ. ૫૦૦ કે ૧૦૦૦ સિવાય કાંઈ મળી આવેલ નથી. આમ ઈલીગલ કહી શકાય એવી કાંઈપણ વસ્તુ મારે ત્યાંથી મળી નહોતી. હું મુંબઈ ખાતેની સીબીઆઈની કચેરીમાં જાતે જઈ મને એરેસ્ટ કરવો હોય તો કરો એમ સામેથી કહેલ. હું અગાઉ પ્રજાહિતની લડતમાં ઘણીવાર જેલમાં ગયેલો છું.

## પરીક્ષા મોકુફ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં તા ૨૬ જુલાઈના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત યુવા પ્રાંત ઓફિસરની ભરતી સંદર્ભે લેવાનારી પરીક્ષા પણ રદ કરવામાં આવી હતી. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આ પરીક્ષા હાલના સંજોગોમાં રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયારે આગામી તા ૩૦ જુલાઈના રોજ યોજાનારી સિનિયર કલાર્કની પરીક્ષા પણ રદ કરવામાં આવી છે. રાજયમાંથી ૨ લાખ ઉમેદવારો આ પરીક્ષા આપવાના છે. ત્યારે પરીક્ષા રદ કરવાના નિર્ણયના અંતે હવે આગામી દિવસોમાં પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવશે. સનિયર કલાર્કની સાથે તા ૩૦ જુલાઈના રોજ ટેટ ટુ ની પણ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ .રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ કસોટી અન્વયે પણ મોટી સંખ્યામાં ઉમેદવારો નોંધાયા છે. પરંતુ વરસાદી સંજોગોને ધ્યાને લઈ પરીક્ષા બાર્ડ દ્વારા આ પરીક્ષા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. અતિવૃષ્ટીના સંજોગોને ધ્યાને લઈ આજે સવારે અધિકારીઓની મળેલી બેઠક દરમિયાન આ પરીક્ષાઓ હાલ પુરતી રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટુંક સમયમાં પરીક્ષાની નવી તારીખો જાહેર થશે.

